ડૉ. એમ.એમ.પટેલ, GAS
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા

સમગ્ર શિક્ષા
Samagra Shiksha

# ગુજરાત શાળા શિક્ષણ પરિષદ

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,
સમગ્ર શિક્ષા, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯
ગાંધીનગર.-૩૮૨૦૨૧
ફોન.૦૭૯-૨૩૨ ૩૨૪૧૩
E-mail: aspd-gcsess@gujarat.gov.in

ક્રમાંક:એસએસ/એઆરએન્ડવીઇ/૨૦૨૫/ ૩૯૩૨૯ -૩૯૯ તા.૧૯/૦૭/૨૦૨૫

પ્રતિ,

(૧) જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી,અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી. તમામ.

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી. તમામ.

(૩) એડી.જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી,શાસનાધિકારીશ્રી.નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત.

વિષય: વર્ષ ૨૦૨૫-૨૬માં ટ્રાન્સપોર્ટેશન સુવિધા બાબત.

સંદર્ભ: (૧) GOI-તા:-૯/૪/૨૦૨૫નો પત્રક્રમાંક:-એસએસ/એઆર&વીઈ/૨૦૨૫/૧૬૯૪૨-૧૭૦૧૨

(૨) PM SHRI -તા:-૯/૪/૨૦૨૫નો પત્રક્રમાંક:-એસએસ/એઆર&વીઈ/૨૦૨૫/૧૭૦૧૩-૧૭૦૩૯

(૩) GOG- બાલવાટિકા તા:-૧૯/૪/૨૦૨૫નો પત્રક્રમાંક:-એસએસ/એઆર&વીઈ/૨૦૨૫/૧૮૧૯૯-૨૩૫

(૪) GOG- એલીમેન્ટરી તા:-૧૯/૪/૨૦૨૫નો પત્રક્રમાંક:-એસએસ/એઆર&વીઈ/૨૦૨૫/૧૮૧૬૨-૧૯૮

(૫) GOG-માં.& ઉચ્ચ.મા.તા-૦૧/૫/૨૦૨૫ પત્રક્રમાંક:-એસએસ/એઆર&વીઈ/૨૦૨૫/૧૯૯૮૭-૨૦૦૨૦

(૬) એ.આર.& વી.ઇ. શાખાની તા.૩૦/૦૬/૨૦૨૫ની નોંધ પર માન.એસ.પી.ડી.શ્રીની મળેલ મંજૂરી

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે આરટીઇ એક્ટ-૨૦૦૯ મુજબ રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ ગુજરાત આરટીઇ રૂલ્સ -૨૦૧૨ નિયમ-૫(૫) મુજબ જ્યાં ઘરથી પ્રાથમિક શાળાનું અંતર ૧ (એક) કિ.મી. થી વધુ અને ઉચ્ચ પ્રાથમિક શાળાનું અંતર ૩ (ત્રણ)-કિ.મી. થી વધુ હોય તેવા બાળકોને ટ્રાન્સપોર્ટેશન સુવિધાનો લાભ મળવાપાત્ર છે. તેમજ બાલવાટિકાના વિદ્યાર્થીનું શાળાનું અંતર ૧(એક) કિ.મી. થી વધુ હોય તેમને ટ્રાન્સપોર્ટેશન સુવિધાનો લાભ મળવાપાત્ર છે. સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને ઘરથી શાળાનું અંતર ૫-કિ.મી.થી વધુ હોય તેમને ટ્રાન્સપોર્ટેશન સુવિધાનો લાભ મળવાપાત્ર છે.

અત્રેની કચેરીથી વર્ષ-૨૦૨૫-૨૬માં ટ્રાન્સપોર્ટેશન સુવિધા શરૂ કરવા માટે સંદર્ભ પત્ર (૧) થી (૫) અન્વયે જિલ્લા અને કોર્પોરેશનને શાળા કક્ષાએથી દરખાસ્ત મેળવવા અને મંજૂરી પ્રકિયા પૂર્ણ કરવા જણાવેલ. હાલમાં અત્રેની કચેરીની ગાઈડ લાઈન મુજબ ટ્રાન્સપોર્ટેશનનું સંચાલન SMC/SMDC દ્વારા કરવામાં આવે છે તેમજ સ્થાનિક કક્ષાએ આરટીઓ (RTO)ની માન્યતા પ્રાપ્ત વાહનો ના મળવાના કારણે પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ ટ્રાન્સપોર્ટેશન સુવિધાના લાભથી વંચિત રહેવા પામેલ છે જેથી દૂરના અંતરેથી શાળાએ આવતા વિદ્યાર્થીઓની નિયમિતતા પર અસર થાય છે. જેના કારણે ડ્રોપઆઉટ રેટ વધવાની શક્યતા છે.

ટ્રાન્સપોર્ટેશન સુવિધાનો વ્યાપ વધારવા અને વધુ વિદ્યાર્થીઓને ટ્રાન્સપોર્ટેશન સુવિધા મળે તે માટે જે વિસ્તારમાં શાળા દ્વારા ટ્રાન્સપોર્ટેશનનો અમલ વાહન ઉપલબ્ધ ના થવાના કારણે થતો ના હોય તેવા કિસ્સામાં જિલ્લા અને કોર્પોરેશન કક્ષાએથી તેમજ બી.આર.સી.,યુ.આર.સી.,સી.આર.સી.કો.-ઓર્ડિનેટર કક્ષાએથી ટ્રાન્સપોર્ટેશનનો અમલીકરણ કરવામાં આવે અને સંચાલન થાય તો વધુ બાળકોને લાભ મળે તેમ છે. આ સુવિધાનો અમલ

1. સ્વસહાય જૂથ દ્વારા.
2. સીટી બસ દ્વારા.
3. આર.ટી.ઓ.માન્ય સ્કુલ બસ વાન દ્વારા કરવામાં આવે.

આમ ઉપરોક્ત મુદ્દા નં-૧ થી ૩ અન્વયે અત્રેની કચેરીના સંદર્ભ (૧) થી (૫)માં આપેલ ગાઈડલાઈનનું ચુસ્તપણે અમલ કરવાની શરતે શૈક્ષણિક વર્ષ-૨૦૨૫-૨૬ માટે જિલ્લા અને કોર્પોરેશન કક્ષાએથી તેમજ બી.આર.સી., યુ.આર.સી.,સી.આર.સી.કો.-ઓર્ડિનેટર કક્ષાએથી ટ્રાન્સપોર્ટેશનનું સંચાલન કરવા જણાવવામાં આવે છે.

**(ડો. એમ.એમ.પટેલ)**
**એડી.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર**
**સ્ટેટ પ્રોજેક્ટ કચેરી, ગાંધીનગર**